॥ શ્રીગોવર્ધનાય નમઃ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

બાલપુષ્ટિ

વર્ષ ૨૦૦૧-૨૦૦૨નું ભેટપુસ્તક

ભક્તકવિ કુંભનદાસજી

વર્ષ : ૭ ■ અંક : ૧ ■ એપ્રિલ - ૨૦૦૧ ■ સળંગ અંક : ૭૩

તંત્રી-લેખક
વસંતબહેન ર. પરીખ

આદ્યતંત્રી
શ્રી રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
[ટ્રસ્ટ રજિ. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા.૩૧-૧-૮૭]
[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)R.502-2000-2001 : Valid up to 31-3-2005]

ચિત્ર સજાવટ
શ્રી વિમલાબેન ભાટીયા
અને
શ્રી શ્યામસુંદર પુરોહિત

આટલું જાણી લો

૧. દરેક મહિનાની ૧૫મી તારીખથી ૨૦મી તારીખ સુધીમાં અંક પોસ્ટ થશે.

૨. લવાજમ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. ત્યારબાદ કોઈ સંજોગોમાં સ્વીકારાતું નથી.

૩. તમારો પાવતી નંબર એ જ ગ્રાહક નંબર છે. તે ખાસ નોંધી રાખો. પત્રવ્યવહારમાં તેનો ખાસ ઉલ્લેખ કરવો.

૪. પત્રવ્યવહાર કરો ત્યારે પૂરું નામ-સરનામું અને ગ્રાહક નંબર ખાસ લખવાં.

૫. અંક ન મળ્યાની ફરિયાદ જે-તે મહિનાની છેલ્લી તારીખે જ કરવી. ફોરેનના ગ્રાહકોએ બીજા મહિનાની પંદરમી તારીખ સુધી રાહ જોવી.

૬. બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે કરવો.

૭. આજીવન લવાજમ સ્વીકારાતું નથી.

મહેસાણા કાર્યાલય
હરસાનીજી હાઉસ
૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે,મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૪૨૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૪૭૬૫૫
Email : hpct@wilnetonline.net

મુંબઈ કાર્યાલય
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯,પ્રિન્સેસ સ્ટ્રીટ,મુંબઈ.
ફોન:(ઓ.)૨૦૬૦૮૫૮,૨૦૧૦૦૮૪
(રહે.) ૩૬૯૩૮૨૧,૩૬૯૦૯૩૦
ફેક્સ : ૯૧-૨૨-૨૦૬૦૮૫૮

અંધેરી કાર્યાલય
શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી
સદન, રાધિકા નિવાસ પાછળ, સર એમ.
વી. રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ.
[ફોન : ૮૨૧૦૪૮૩]

અમેરિકા સંપર્ક કેન્દ્ર
Shri Navnitbhai C. Shah
3, Christy Lane, OCEAN,
NJ - 07712-2604 U.S.A.
[Tel.-732-493-9096]

●

Shri Madhubhai Mehta
1336, Court O,Hanover Park
IL - 60103 U.S.A.
[Tel.-630-213-3507]

બાલમિત્રોને

શ્રીજીબાવાનાં લાડીલાં વહાલાં બાલમિત્રો,

સૌને વસંતબેનનાં ખૂબ ખૂબ પ્રેમભર્યા આશીર્વાદ અને જયશ્રીકૃષ્ણ.

મિત્રો, તમારું વહાલું 'બાલપુષ્ટિ' આ અંકથી સાતમા વર્ષમાં પ્રવેશ કરે છે. સાતમા વર્ષનો આ પહેલો અંક વિશેષાંક (ભેટ પુસ્તક) છે. તમે જાણો છો કે 'બાલપુષ્ટિ' તેની વર્ષગાંઠ પ્રસંગે તમને દર વર્ષે એક સુંદર, રંગબેરંગી ચિત્રોવાળું પુસ્તક ભેટ આપે છે. જે પુસ્તક તમને શ્રીજીબાવાની, શ્રીમહાપ્રભુજીની, શ્રીગિરિરાજજીની કે કામણગારા કૃષ્ણકનૈયાની મીઠી મીઠી વાતો કહે છે. આ બધી વાતો વાંચવાની અને ચિત્રો જોવાની તમને ખૂબ મઝા પડે છે ને?

આ વર્ષે પણ 'બાલપુષ્ટિ' તમને એક સુંદર, રંગબેરંગી ચિત્રોવાળું નાનકડું પુસ્તક ભેટ આપી રહ્યું છે. જે તમને શ્રીજીબાવાના એક ખાસ સખાની અવનવી વાતો કહેશે. શ્રીજીબાવા તેમના આ સખા-મિત્ર સાથે દરરોજ રમતા. તેમની પાસે માગીને આરોગતા. તેમનાં કીર્તન સાંભળીને જાગતા અને કીર્તન સાંભળીને પોઢતા.

શ્રીજીબાવાના એ મિત્રનું નામ હતું કુંભનદાસજી. તેઓ શ્રીજીબાવાના વહાલા સખા અને વ્હાલા ભક્ત તો હતા જ પણ સાથે સાથે એક મહાન કવિ પણ હતા. તેમનો કંઠ બહુ મધુર હતો. શ્રીજીબાવા પોતાની અવનવી લીલાઓનાં તેમને રોજ દર્શન કરાવતા. દર્શન કરીને કુંભનદાસજી તે લીલાનું કીર્તન ગાતા. શ્રીજીબાવા એ કીર્તન સાંભળીને તેમના ઉપર ખૂબ પ્રસન્ન થતા.

આ ભક્ત કવિના જીવનના કેટલાક પ્રસંગો આ પુસ્તકમાં આપ્યા છે. સાથે સાથે તે પ્રસંગને અનુરૂપ સુંદર રંગીન ચિત્રજી પણ આપ્યાં છે. ચિત્રો જોતાં જોતાં તમે એ પ્રસંગો વાંચશો તો ખૂબ મઝા આવશે.

ભક્તનો ભગવાન ઉપરનો સાચો પ્રેમ અને સાચી શ્રદ્ધા કેવાં હોય તે તમને આમાંથી જાણવા મળશે.

મિત્રો, પુસ્તક વાંચીને તમને તે કેવું લાગ્યું તે મને જરૂર જણાવજો.

- વસંતબહેન ર. પરીખ

ભક્તકવિ કુંભનદાસજી

શ્રીમહાપ્રભુજીને શરણે

વ્રજમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં ચંદ્ર સરોવરથી થોડે જ દૂર જમુનાવતા નામનું ગામ આવેલું છે. સારસ્વત કલ્પમાં શ્રી યમુનાજીની એક ધારા આ જમુનાવતા ગામ પાસેથી જતી હતી તેથી ગામનું નામ જમનાવતા પડ્યું.

અહીં એક ગોરવા ક્ષત્રિય દંપતી રહેતું હતું. તેમને કોઈ સંતાન ન હતું. એક વખત તેઓ કુંભના મેળામાં પ્રયાગ ગયા. ત્યાં એક સંતની સેવા ચાકરી કરી. સંતે તેમને પુત્ર પ્રાપ્તિનું વરદાન આપ્યું. સમય જતાં પુત્રનો જન્મ થયો ત્યારે તેનું નામ કુંભનદાસ રાખ્યું.

કુંભનદાસના જન્મ પછી થોડા સમયમાં તેમના માતાપિતા હરિશરણ થયાં. તેમના કાકા ધર્મદાસે તેમને ઉછેરી મોટા કર્યા. ધર્મદાસની એક ગાય શ્રીગિરિરાજજી ઉપર દૂધ સ્રવી આવતી હતી. શ્રીનાથજી શ્રીગિરિરાજજીમાંથી પ્રગટ થયા ત્યારે આપે ધર્મદાસને આ ગાય સદુ પાંડેના વાડામાં બાંધી દેવાની આજ્ઞા કરી. સાથે એવી પણ આજ્ઞા કરી કે 'તારો ભત્રીજો કુંભનદાસ મારી ઉંમરનો છે. તેને મારી સાથે રમવા મોકલજે.'

શ્રીમહાપ્રભુજી, શ્રીનાથજી અને કુંભનદાસજીનું પ્રાગટ્ય એક જ દિવસે થયું છે તેથી કુંભનદાસજીને શ્રીનાથજી સાથે ઘણો સ્નેહભાવ હતો. બંને સાથે રમતા અને આનંદ કરતા.

મૃદુલાબેન દિલીપભાઈ મજમુંદાર (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ

કુંભનદાસજીનું લગ્ન બહુલાવન પાસે આવેલા જેત ગામના એક વ્રજવાસીની દીકરી સાથે થયું; પરંતુ કુંભનદાસને તો બાળપણથી જ સંસારમાં ઝાઝી આસક્તિ ન હતી. તેઓ ખેતી કરી ગુજરાન ચલાવતા. ચંદ્ર સરોવર ઉપર તેમનું એક નાનકડું ખેતર હતું.

શ્રીમહાપ્રભુજીને પ્રથમ ભારત પરિક્રમા દરમ્યાન ઝારખંડમાં શ્રીજીબાવાએ આજ્ઞા કરી : 'હું અહીં શ્રીગિરિરાજજી ઉપર પ્રગટ થયો છું. આપ અહીં પધારો. મને પર્વતમાંથી બહાર પધરાવી મારી સેવાનો પ્રકાર શરૂ કરો.'

શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજી આન્યોર પધાર્યા. સદુપાંડે વગેરે પાસેથી શ્રીનાથજીબાવાના પ્રાગટ્યની વાત સાંભળી. પર્વત ઉપર પધારી શ્રીજીબાવાને કંદરામાંથી બહાર પધરાવ્યા. આપશ્રીને માટે નાનું મંદિર સિદ્ધ કરાવી તેમાં પધરાવ્યા અને સેવાનો પ્રકાર શરૂ કરાવ્યો. રામદાસ ચૌહાણને સેવક કરી તેમને શ્રીનાથજીની સેવા સોંપી. સદુપાંડે, માણેકચંદ પાંડે, નરો, ભવાની સૌને સેવક કર્યા.

જમુનાવતા ગામમાં કુંભનદાસજીને સમાચાર મળ્યા કે : 'આન્યોરમાં એક મહાપુરુષ પધાર્યા છે. શ્રીગોવર્ધનનાથજી ઠાકોરજીને પર્વતમાંથી બહાર પધરાવ્યા છે. ઘણા વ્રજવાસીઓ તેમના સેવક થયા છે.'

સમાચાર સાંભળતા કુંભનદાસજીએ પત્નીને કહ્યું : ચાલો, આપણે પણ તેમના સેવક થઈએ.'

પત્નીએ કહ્યું : 'હા, ચાલો.'

બંને જણ આન્યોર આવ્યાં. શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું : 'કુંભનદાસ તમે આવ્યા?'

'મહારાજ, ઘણા દિવસથી આપના વિના ભટકતો હતો. હવે આપ મારા ઉપર કૃપા કરી મને શરણે લો.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'બંને જણ સ્નાન કરીને આવો.' તેઓ

ડૉ. રેશ્માબેન ડાહ્યાલાલ જામુલીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

સંકર્ષણ કુંડમાં સ્નાન કરી આવ્યાં. શ્રીમહાપ્રભુજીએ તેમને નામમંત્ર આપ્યો. શરણે લઈ સેવક કર્યાં.

કુંભનદાસજીનાં પત્નીએ વિનંતી કરી : મહારાજ, આપ મહાપુરુષ છો. મારે સંતાન નથી. મને દીકરો થાય તેવી કૃપા કરો.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'તું ચિંતા કરીશ નહિ. તારે સાત દીકરા થશે.' આ સાંભળી તે મનમાં ખૂબ રાજી થઈ. પરંતુ કુંભનદાસજીને આ વાત ન ગમી. તેમણે કહ્યું : 'અરે મૂર્ખ, શ્રીમહાપ્રભુજી પાસે તેં આ શું માગ્યું? અરે શ્રીઠાકોરજી માગ્યા હોત તો શ્રીઠાકોરજી યે મળત; પણ તને માગતાં ન આવડ્યું.'

'મારે જોઈતું હતું તે મેં માગ્યું. હવે તમારે જે જોઈએ તે તમે માગી લો.'

કુંભનદાસ મૌન રહ્યા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'કુંભનદાસ, તમારો કંઠ બહુ મધુર છે. તમે સુંદર કીર્તન કરો છો. હું તમને શ્રીનાથજીની કીર્તનની સેવા સોંપું છું. તમે સુંદર કીર્તન ગાઈ પ્રભુને રીઝવજો.'

આપશ્રીએ કહ્યું : 'શ્રીગોવર્ધનનાથજી અમારું સર્વસ્વ છે. તમે એમની સેવામાં સદા તત્પર રહેજો. સાવધાનીથી સેવા કરજો.'

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી કુંભનદાસજીએ શ્રીનાથજીની સન્મુખ એક કીર્તન ગાયું.

સાંઝકે સાંચે બોલ તિહારે ।
રજની અનત જાગે નંદનંદન આયે નિપટ સવારે ॥૧॥
આતુર ભયે નીલપટ ઓઢે પીરે વસન વિસારે ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર, ભલે વચન પ્રતિપારે ॥૨॥

કુંભનદાસજીને શ્રીજીબાવાની જે લીલાનાં દર્શન થયાં તે જ લીલાનું પદ આ હતું. શ્રીમહાપ્રભુજી કીર્તન સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. પૂછ્યું : 'કુંભનદાસજી, પ્રભુની આ નિકુંજલીલાનો તમને ક્યાંથી અનુભવ થયો?'

કુંભનદાસે કહ્યું : 'મહારાજ, આપની કૃપાથી થયો.'

ગો.વા. સુશીલાબેન ગોરધનદાસ રાજપરા હ. સુરેશભાઈ, મહેન્દ્રભાઈ, જયેશભાઈ, હિતેશભાઈ (વાડલા)ના જયશ્રીકૃષ્ણ.



શ્રીજીબાવા સન્મુખ કીર્તન કરી રહેલા કુંભનદાસજી

ગો.વા. ઈશ્વરદાસ જાદવજી સંઘવી (વલસાડ)ના જયશ્રીકૃષ્ણ

આપશ્રીએ આજ્ઞા કરી : 'કુંભનદાસ, તમે ખૂબ ભાગ્યશાળી છો. શરૂઆતથી જ પ્રભુએ તમને તેમની કૃપાનો અનુભવ કરાવ્યો. તમે સદાય હરિરસમાં મગ્ન રહેશો.'

કુંભનદાસે વિનંતી કરી : 'મહારાજ, મને સદાય આવો લીલારસનો અનુભવ થાય તેવી કૃપા કરો.'

આપશ્રીની કૃપાથી કુંભનદાસે સદાય નિકુંજલીલાનાં કીર્તનો ગાયાં. દરરોજ સવારે તેઓ જમુનાવતાથી શ્રીગિરિરાજ આવતા. શ્રીનાથજીબાવા સન્મુખ સમય સમયનાં કીર્તન કરતા. બપોરે શ્રીનાથજી તેમની સાથે ખેલવા પધારતા અને અવનવી વાતો કરતા.

શ્રીમહાપ્રભુજી શ્રીજીબાવાની સેવાની સર્વ વ્યવસ્થા ગોઠવી પાછા ઝારખંડ પધાર્યા.

ભાવત હૈ તોહિ ટોડકો ઘનો

શ્રીનાથજીબાવા શ્રીગિરિરાજ ઉપર મંદિરમાં આનંદથી બિરાજે છે. સદુપાંડે વગેરે વ્રજવાસીઓના ઘરેથી દૂધ, દહીં, માખણ અને સીધું સામગ્રી રામદાસજી લઈ આવે છે. પ્રભુને ભોગ ધરે છે. કુંભનદાસજી દરરોજ નવાં કીર્તન રચીને શ્રીજીબાવા સન્મુખ ગાય છે.

એક દિવસ સમાચાર આવ્યા કે મુસલમાન લશ્કર હિન્દુ મંદિરોને તોડતું અને મૂર્તિઓને ખંડિત કરતું શ્રીગિરિરાજજી તરફ આવી રહ્યું છે. અહીંથી પાંચ ગાઉ જ દૂર છે. આન્યોરના વ્રજવાસીઓ આ સમાચાર સાંભળી ગભરાયા. બધા ભેગા થઈને વિચાર કરવા લાગ્યા.

'શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને આપણને સોંપ્યા છે. આ સમયે આપણે આ લશ્કરથી બચવા શું ઉપાય કરીશું?' પરંતુ તેઓ કોઈ નિર્ણય લઈ ન શક્યા.

સદુપાંડે, માણેકચંદ પાંડે, રામદાસજી અને કુંભનદાસજી આ ચારે ય જણ સાથે શ્રીનાથજી વાતો કરતા. તેમણે કહ્યું : 'ચાલો, આપણે શ્રીજીબાવાને જ પૂછીએ. તેઓ આજ્ઞા કરે તેમ કરીએ.'

ચારે જણ મંદિરમાં ગયા. શ્રીજીબાવાને સર્વ હકીકત જણાવી. 'મહારાજ, આ મુસલમાન સુબો ધર્મનો દ્વેષી છે. તે મંદિરો લૂંટતો આવી રહ્યો છે. તેનાથી બચવા આપ આજ્ઞા કરો તે પ્રમાણે અમે કરીએ.'

શ્રીજીબાવાએ આજ્ઞા કરી : 'તમે મને ટોડના ઘનામાં પધરાવીને લઈ જાઓ. મને ત્યાં પધારવાનું ઘણું મન છે.'

'મહારાજ, એવા ગાઢ જંગલમાં જવા માટે અત્યારે વાહન ક્યાંથી લાવીશું?' અમારી પાસે તો રથ કે હાથી કાંઈ નથી.

'સદુપાંડે, તમારા ઘરના વાડામાં એક પાડો છે. તે લઈ આવો. તેના ઉપર બેસીને હું આવીશ.'

સદુપાંડે એ પાડાને લઈ આવ્યા. રામદાસજીએ શ્રીજીબાવાને ભોગ ધરવા સામગ્રી સિદ્ધ કરીને બાંધી લીધી. શ્રીજીબાવાને એ પાડા ઉપર પધરાવી સૌ ટોડના ઘના તરફ જવા નીકળ્યા. શ્રીજીબાવાને એક બાજુથી સદુપાંડેએ અને બીજી બાજુથી રામદાસજીએ પકડ્યા. કુંભનદાસ આગળ અને માણેકચંદ પાંડે પાછળ ચાલે છે. સૌ બાવળના ગાઢ જંગલમાંથી પસાર થતા હતા. રસ્તામાં ખૂબ કાંટા-કાંકરા હતા. કાંટાવાળી ગીચ ઝાડી હતી. સૌને ખૂબ કાંટા વાગ્યા. કપડાં ફાટી ગયા. શરીર ઉપર ઉઝરડા પડી ગયા.

કાંટાળી ગીચ ઝાડી વટાવીને માંડ માંડ આગળ વધ્યા. ત્યાં અંદર જતાં વચ્ચે સુંદર મેદાન આવ્યું. મેદાનમાં લતા-પતાની નિકુંજ હતી. ચારે બાજુ કદંબના વૃક્ષો હતાં. બાજુમાં એક સરોવર હતું. ત્યાં એક ચોતરો હતો. શ્રીજીબાવાએ આજ્ઞા કરી: 'આ ચોતરા ઉપર હું બિરાજીશ.'

પાડા ઉપર જે ગાદી પાથરીને આપ બિરાજ્યા હતા તે ગાદી સદુ પાંડેજીએ ચોતરા ઉપર બીછાવી. શ્રીનાથજીને ત્યાં પધરાવ્યા.

'રામદાસજી, તમે સામગ્રી સિદ્ધ કરીને લાવ્યા છો તે મને ભોગ ધરો.' શ્રીજીબાવાએ આજ્ઞા કરી. રામદાસજી માનભોગ સિદ્ધ કરીને લાવ્યા હતા



ટોડના ઘને પધારવાની તૈયારી

તેમાંથી થોડો ધર્યો. 'રામદાસજી, બધી સામગ્રી ધરી દો.' રામદાસજીએ બધો માનભોગ ધરી દીધો.

'મહારાજ, બધી સામગ્રી ધરી દીધી. પણ હવે અહીં રહેવાનું થશે તો શું કરીશું?' રામદાસજીએ પૂછ્યું.

'અહીં અમારે રહેવું નથી. બસ અહીં આટલું થોડું જ કામ છે!' બધાંને ખ્યાલ આવી ગયો કે કોઈ ભક્તનો મનોરથ પૂર્ણ કરવા જ પ્રભુએ આ લીલા કરી છે.

એટલામાં ઝાડીમાંથી એક વિરકત સંન્યાસી આવ્યા. તેમનું નામ ચતુરા નાગા હતું. તેઓ વર્ષોથી અહીં રહી ઉગ્ર તપ કરતા હતા. તેમને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવાની ખૂબ ઈચ્છા હતી; પરંતુ તેઓ શ્રીગિરિરાજજીને ભગવાનનું જ સ્વરૂપ માનતા. તેઓ કહેતા કે ભગવાનને આપણો પગ અડકાડાય નહિ. તેમના ઉપર પગ મૂકી ઉપર જવાય નહિ. તેથી તેઓ પર્વત ઉપર બિરાજતા શ્રીજીબાવાનાં દર્શન કરવા ગયેલા નહિ. તેમને દર્શન આપવા જ જાણે શ્રીજીબાવા આ ગાઢ જંગલમાં પધાર્યા હતા!

તેમણે શ્રીજીબાવાને ધરવા માટે વનમાંથી કંકોડા વીણી તેનું શાક સિદ્ધ કરી દીધું. શ્રીજીબાવાને માનભોગ અને કંકોડાના શાકનો ભોગ ધરી સૌ એક વૃક્ષની આડશમાં જઈને બેઠા.

નિકુંજમાંથી શ્રીસ્વામિનીજી પોતાના મનોરથની સામગ્રી સિદ્ધ કરી, લઈને પધાર્યા. બંને સ્વરૂપો આનંદથી ભોગ આરોગવા લાગ્યા.

'કુંભન, કીર્તન ગા, તો મને આ બધું આરોગવાની મઝા આવશે.' શ્રીગોવર્ધનનાથજીએ આજ્ઞા કરી.

કુંભનદાસજી વગેરે વૈષ્ણવો કાંટા-કાંકરા વાગવાથી ખૂબ હેરાન થયેલા હતા. ભૂખ્યા પણ હતા. એમાં પાછી કીર્તન ગાવાની આજ્ઞા થઈ. કુંભનદાસજી તો શ્રીજીબાવાના ખાસ સખા! એ એમને વહાલ કરે અને વઢે પણ ખરા! એટલે એમણે એક પદ ગાયું.

ભાવત હે તોહિ ટોડકો ઘનો ।
કાંટા લગે, ગોખરું લગે, ફટ્યો જાત યહ તન્યો ॥૧॥
સિંહે કહા લોંકડીકો ડર, યહ કહા બાનિક બન્યો ।
કુંભનદાસ તુમ ગોવર્ધનધર, વહ કૌન રાંડ ઢેઢનીકો જન્યો ॥૨॥

હે શ્યામસુંદર, તમને તો આ ટોડનું ગાઢ જંગલ ઘણું ગમી ગયું છે. પણ અહીં આવતા અમારી કેવી દશા થઈ છે તે જાણો છો? રસ્તામાં કાંટા-ગોખરું વાગ્યાં, શરીરે ઉઝરડા પડ્યા. કપડાં ફાટી ગયાં. હે પ્રભુ, આપતો સિંહ છો. તમારી સામે તો ઈન્દ્રનું જોર પણ ચાલ્યું ન હતું. આ બાદશાહ તો શિયાળ જેવો છે. એનો વળી તમને ડર ક્યાંથી લાગ્યો?

આ કીર્તન સાંભળીને શ્રીજીબાવા ઘણા પ્રસન્ન થયા. ભોગ આરોગીને શ્રીસ્વામિનીજી પાછા પધાર્યા એટલે શ્રીજીબાવાએ ચારે વૈષ્ણવોને બોલાવ્યા. આજ્ઞા કરી : 'સદ્દુપાંડે, લશ્કરનો ઉપદ્રવ શાંત થયો છે? જરા તપાસ તો કરો.'

સદ્દુપાંડે ટોડના ઘનામાંથી બહાર આવ્યા. તપાસ કરતાં ખબર પડી કે મુસલમાન લશ્કર તો મથુરાથી પાછું આગ્રા તરફ જતું રહ્યું છે. શ્રીજીબાવાને આ સમાચાર આપ્યા.

'તો ચાલો આપણે પાછા પર્વત ઉપર જઈએ.'

શ્રીજીબાવાને પાડા ઉપર પધરાવી સૌ પાછા આવ્યા. આપશ્રીને મંદિરમાં પધરાવી પર્વત ઉપરથી નીચે આવતા જ પાડાએ દેહ છોડી દીધો. ચતુરાનાગાને દર્શન આપવા અને પાડાનો ઉદ્ધાર કરવા જ પ્રભુએ જાણે આ લીલા કરી હતી! બધા વ્રજવાસીઓને શ્રીજીનાં દર્શન થયાં. સૌ કહેવા લાગ્યા : દેવદમનની કૃપાથી જ લશ્કર ભાગી ગયું. દેવદમનને ધન્ય છે!

આ દિવસ હતો વિ.સં. ૧૫૫૨ના શ્રાવણ સુદ તેરસનો. આજે આ દિવસને બગીચા તેરસ કહેવાય છે. શ્રીઠાકોરજી બગીચામાં હિંડોળે ઝૂલે છે. માનભોગ અને કંકોડાનું શાક આરોગે છે.

ભક્તનકો કહા સિકરીસોં કામ

કુંભનદાસજી રોજ નવાં કીર્તન રચીને શ્રીજીબાવા સન્મુખ ગાય છે. તેમનાં રચેલાં કીર્તનો વ્રજમાં ઘણાં લોકપ્રિય બન્યાં છે. એક ગવૈયાએ એક દિવસ તેમનું રચેલું એક કીર્તન અકબર બાદશાહના દરબારમાં ગાયું.

'દેખરી આવની મદનગોપાલકી ।'

એક સખી બીજી સખીને કહે છે : 'હે સખી! જો, શ્યામસુંદર સાંજે વનમાંથી પાછા વ્રજમાં પધારી રહ્યાં છે. ઐરાવત હાથી જેવી ગજગતિવાળી લટક મટક ચાલ છે. શ્યામ અંગ ઉપર પીતાંબર અને હૃદય ઉપર વનમાળા શોભી રહ્યાં છે. નેત્રોની ભ્રમરો ધનુષ્ય જેવી અને નેત્રો કમળ જેવાં વિશાળ છે. મુખ અને વાળમાં ગાયોની ખરીથી ઊડેલી વ્રજરજ શોભે છે. લલાટમાં કેસરનું તિલક છે.'

આ કીર્તન સાંભળતા અકબર બાદશાહ બોલી ઊઠ્યા : 'ધન્ય છે આ કવિને, જેમને પરમાત્માનાં આવાં દર્શન થયાં છે.'

'બાદશાહ સલામત, આ પદના કવિ અહીં નજીકમાં જમુનાવતા ગામમાં જ રહે છે.' ગવૈયાએ કહ્યું.

'તેમનું શું નામ છે?'

'તેમનું નામ કુંભનદાસજી છે.'

બાદશાહને આ ભક્તકવિનાં દર્શન કરવાનું અને તેમનાં કીર્તનો સાંભળવાનું મન થયું. પોતાના એક સરદારને આજ્ઞા કરી :

'તમે હમણાં જ રથ અને પાલખી લઈને જાઓ અને કુંભનદાસજીને પૂરા માન સન્માન સાથે અહીં તેડી લાવો.'

સરદારે જમુનાવતા આવી કુંભનદાસજીને બાદશાહનો સંદેશો આપ્યો. પોતે તેમને ફતેહપુર સીકી લઈ જવા આવ્યો છે તેમ કહ્યું.

'ભાઈ, હું તો ગરીબ વ્રજવાસી છું. મારે બાદશાહનું કંઈ કામ નથી. બાદશાહને અમારું કામ હોય તો તેઓ ખુશીથી અહીં આવે. હું ત્યાં શા માટે આવું?'

'ભક્તરાજ, હું તો ચિઠ્ઠીનો ચાકર છું. બાદશાહના હુકમથી તમને લેવા આવ્યો છું. તમારા માટે રથ અને પાલખી લાવ્યો છું. તમે નહિ આવો તો બાદશાહ મને જીવતો નહિ રાખે. મારા માટે થઈને પણ તમે ચાલો. એમને મળીને પાછા ચાલ્યા આવજો.'

કુંભનદાસજીએ વિચાર કર્યો : 'મારા કારણે આ નિર્દોષનો જીવ જશે. એના કરતાં હું હઠ છોડીને બાદશાહ પાસે જઈ આવું તો સારું. તેમણે કહ્યું: 'જો ભાઈ, હું કદી આવા રથ-પાલખીમાં બેઠો નથી. હું તો ગરીબ માણસ છું. પગે ચાલવા ટેવાયેલો છું. માટે ચાલતો જ તારી સાથે આવું છું.'

સરદારની સાથે તેઓ નીકળ્યા. ચાલતાં ચાલતાં ફતેહપુર-સીકી આવ્યા. સરદારે બાદશાહને સમાચાર આપ્યા. તેણે ખૂબ માનપૂર્વક કુંભનદાસજીને પોતાના દીવાનખંડમાં બોલાવ્યા.

ખૂબ સુંદર રીતે સજાવેલો દીવાનખંડ હતો. સોના અને રત્નોથી જડેલો હતો. ચારે બાજુ મોતીની ઝાલરો હતી. સુગંધી જળના ફૂવારા ઊડતા હતા.

ફાટેલાં તૂટેલાં વસ્ત્રો, મેલી પાઘ અને ફાટેલા જોડા પહેરી કુંભનદાસજી દરબારમાં આવ્યા. બાદશાહે તેમને આદરથી આવકાર્યા. માનથી બેસાડ્યા. પરંતુ કુંભનદાસજીને આ બધું જોઈ કોઈ આનંદ ન થયો. તેમને તો મહાદુ:ખ થયું. જાણે જીવતાં નર્કમાં બેઠા હોય તેમ લાગ્યું. વિચાર કરે છે : 'આના કરતાં તો વ્રજનાં વૃક્ષો વધારે સારાં. તેની છાયામાં શ્રીગોવર્ધનનાથજી મારી સાથે રમે છે.'

બાદશાહે કહ્યું : 'ભક્તરાજ, તમારું એક કીર્તન સાંભળીને હું ખૂબ પ્રભાવિત થયો છું. મારી ઈચ્છા તમારાં બીજાં કીર્તન તમારા કંઠે સાંભળવાની છે. તમે મને એકાદ સુંદર પદ સંભળાવો.'



અકબર બાદશાહના દરબારમાં કુંભનદાસજી

કુંભનદાસજી આ સાંભળી ખૂબ બેચેન બની ગયા. વિચાર કરે છે : 'શ્રીઠાકોરજીની લીલાનાં પદ આ મ્લેચ્છની સામે કેમ ગવાય? મારાં કીર્તન તો શ્રીજીબાવા માટે જ છે. પણ આની સામે ગાયા વગર ચાલશે નહિ. આજે અહીં એવું કંઈક ગાઉં જેથી બાદશાહને તેનું અપમાન લાગે અને મને ફરી કદી અહીં બોલાવે નહિ. બાદશાહ મારા ઉપર ગુસ્સે તો થશે પણ એ મારું શું બગાડી નાખવાનો છે? જેનો શ્રીઠાકોરજી હાથ પકડે છે તેવા ભક્ત સાથે આખું જગત દુશ્મની કરે તોય તેનો વાળ પણ કોઈ વાંકો કરી શકતું નથી.'

આમ વિચારીને કુંભનદાસજીએ એક નવું પદ રચીને ગાયું.

ભક્તનકો કહા સીકરીસોં કામ ।
આવત જાવત પન્હૈયા તૂટી, બિસર ગયો હરિનામ ।।૧।।
જાકો મુખ દેખે દુ:ખ ઉપજત, તાકો કરનો પર્યો પ્રનામ ।
કુંભનદાસ લાલ ગિરિધરન બીન, યહ સબ જૂઠો ધામ ।।૨।।

હે બાદશાહ, મારા જેવા ભગવાનના ભક્તને તારી આ રાજધાની સીક્રી શહેર ગમે તેટલું સુંદર હોય તોયે શું કામનું? મારે તો અહીં આવતાં જતાં પગના જોડા ફાટી ગયા. તમે મને કેમ બોલાવ્યો હશે તેની ચિંતામાં પ્રભુનું નામ પણ ભૂલાઈ ગયું. જેનું મ્હોં જોતાં પણ દુ:ખ થાય એવા તમને મારે પ્રણામ કરવા પડ્યા. મારા પ્રભુ શ્રીગિરિધરલાલ વિના આ તમારો મહેલ અને શહેર બધું નકામું છે. મારે તેનો કોઈ ઉપયોગ નથી.

આવું કીર્તન સાંભળતા બાદશાહને ખૂબ ગુસ્સો આવ્યો; પણ તેને વિચાર કરતાં લાગ્યું કે આ ખરેખર ભગવાનનો સાચો ભક્ત છે. એને મારી પાસેથી કંઈ પણ મેળવવાની આશા નથી. એ શા માટે મારી ખુશામત કરે? આ જે કંઈ કહે છે તે સત્ય છે. છતાં એણે પૂછ્યું : 'ભક્તરાજ, હું આપની શી સેવા કરું?'

'આજ પછી મને અહીં બોલાવશો નહિ.' આટલું કહી કુંભનદાસજી ઊભા થઈ ગયા. બાદશાહની વિદાય લઈ ઘર તરફ ચાલ્યા.

શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન આજે થયાં નથી. રસ્તામાં તેમને દર્શન માટે ખૂબ તાલાવેલી લાગી. આખા રસ્તે પ્રભુના વિરહનાં કીર્તન ગાતાં ગાતાં ગિરિરાજજી ઉપર મંદિરમાં આવ્યા. શ્રીજીબાવાનાં દર્શન કર્યાં. દર્શન કરતાં જ બધું દુ:ખ ભૂલી ગયા. ખૂબ સુંદર કીર્તન ગાયાં. કીર્તન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીજીબાવાએ આજ્ઞા કરી : 'કુંભનદાસ, તને ધન્ય છે. મારા વગર તને એક ક્ષણ પણ કળ પડતી નથી. મારા વગર બીજું કંઈ તને ગમતું નથી. મને પણ તારા વગર જરાય ગમતું નથી.'

આમ શ્રીગોવર્ધનનાથજી અને કુંભનદાસજીને - ભગવાન અને ભક્તને એકબીજા માટે અનહદ પ્રેમ હતો.

સાચી સેવા

રાજ માનસિંહ અકબર બાદશાહના સેનાપતિ હતા. તેઓ ખૂબ શૂરવીર હતા. ઘણી લડાઈઓ લડી તેમાં તેમાં અકબર બાદશાહને વિજય અપાવ્યો હતો.

એક દિવસ તેમણે વિચાર કર્યો : 'મારાથી યુદ્ધમાં ઘણાં માણસોની હત્યા થઈ છે. આપણા હિન્દુ ધર્મમાં જીવ હત્યાને પાપ ગણવામાં આવ્યું છે. આ પાપ ધોવા માટે મારે તીર્થયાત્રા કરવી જોઈએ.' યમુનાસ્નાન અને વ્રજયાત્રા કરવાનું તેમણે નક્કી કર્યું.

મથુરા આવ્યા. વિશ્રામઘાટ ઉપર સ્નાન કર્યું. તેમના પુરોહિતે તેમની પાસે શ્રીયમુનાજીનું પૂજન કરાવ્યું પછી કહ્યું : 'અહીં કેશવરાયજીનાં દર્શને અવશ્ય જવું જોઈએ કારણકે તેઓ આ તીર્થના દેવ છે.'

માનસિંહ કહે : 'ભલે, હું આવતી કાલે તેમનાં દર્શને જઈશ.' આ વાત મંદિરના પૂજારીએ જાણી. તેણે વિચાર કર્યો : 'રાજા માનસિંહ ઘણા ઉદાર છે. આપણે મંદિરને અને ભગવાનની મૂર્તિને બરોબર શણગારીએ. રાજા રાજી થશે તો મોટું ઈનામ આપશે.'

તે દિવસોમાં સખત ગરમી પડતી હતી; છતાં પૂજારીએ કેશવરાયજીને જરીનાં ભારે વસ્ત્રો અને સોનાનાં રત્નજડિત આભૂષણો ધરાવી દીધાં. પીછવાઈ, ચંદરવા બધું જરીનું બાંધી દીધું. ગરમીમાં ભારે અકળાવે તેવો ઠાઠમાઠ કરી દીધો.

માનસિંહે દર્શન કરતાં વિચાર કર્યો : 'આ બધી સજાવટ મને રાજી કરવા માટે કરવામાં આવી હોય તેમ લાગે છે. ભગવાનના સુખનો કોઈએ વિચાર કર્યો નથી. આટલી ગરમીમાં કેવા ભારે વસ્ત્ર-શૃંગાર ધર્યાં છે!' તેઓ કંઈ પણ બોલ્યા વગર ભગવાનને ભેટ કરીને આગળ ચાલ્યા.

ત્યાંથી વૃંદાવન જવા નીકળ્યા. વૃંદાવનના સંતો-મહંતોને ખબર પડી કે રાજા માનસિંહ અહીંના મંદિરમાં દર્શન કરવા આવે છે એટલે તેમણે સૌએ પોતપોતાના મંદિરમાં શ્રીઠાકોરજીને જરીનાં ભારે ભારે વાગા વસ્ત્ર, જરીની ઓઢણી અને સોનાનાં અને હીરાનાં ભારે આભૂષણો ધરાવી દીધાં. માનસિંહ દર્શન કરવા આવ્યા. ગરમીથી ખૂબ અકળાઈ ગયા. બધે દર્શન-ભેટ કરી પોતાના નિવાસે આવ્યા. ક્યાંય તેમને શાંતિ ન મળી. વિચાર કર્યો, 'આ સૌએ મને દેખાડવા માટે આ બધો ઠાઠ કર્યો છે.'

સાંજનો સમય થયો. વૃંદાવનથી નીકળી રાજા માનસિંહ શ્રીગોવર્ધન આવ્યા. કોઈએ પૂછ્યું : 'શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા જવું છે?'

'હા, શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા તો અવશ્ય જવું છે.' આમ કહી ગોપાલપુર આવ્યા. સખત ગરમીમાં ખુલ્લા પગે પર્વત ચડતાં રાજા આકુળવ્યાકુળ થઈ ગયા. મંદિરમાં શ્રીજીબાવાનાં ભોગ-સંધ્યાના દર્શન ખૂલ્યાં હતાં. અહીં એકદમ શીતળતા હતી. ગુલાબજળનો છંટકાવ થતો હતો. ફૂવારા ઊડતા હતા. ચંદન અને ખસની સુગંધ ચોમેર પ્રસરી રહી હતી. ઝડપપંખા ચાલતા હતા.

શ્રીજીબાવાને સફેદ પાગ અને પરદનીનો શૃંગાર થયો હતો. મોતીનાં આછાં આભૂષણો ધર્યાં હતાં. દર્શન કરતાં રાજા માનસિંહને ખૂબ શીતળતાનો અનુભવ થયો. ખૂબ પ્રસન્નતા થઈ. તેમણે વિચાર કર્યો :



રાજા માનસિંહને થયેલાં શ્રીજીબાવાનાં દર્શન

‘સાચી સેવા તો અહીં જ થાય છે. શ્રીઠાકોરજી ખૂબ સુખથી બિરાજે છે. મારું સદ્ભાગ્ય છે કે મને આવાં દર્શન થયાં.

તે સમયે કુંભનદાસજી પ્રભુની સન્મુખ કીર્તન ગાઈ રહ્યા હતા. જેવાં સુંદર સ્વરૂપે શ્રીગોવર્ધનનાથજી દર્શન આપતા હતા તેવા જ સુંદર કીર્તન તેઓ ગાતા હતા. રાજા માનસિંહના હૃદયમાં એ કીર્તનો કોતરાઈ ગયાં.

દર્શન કરીને રાજા માનસિંહ પોતાના નિવાસે આવીને એક વ્રજવાસીને પૂછવા લાગ્યા : ‘પ્રભુની સન્મુખ કીર્તન કરતા હતા એ કોણ હતા? આજ સુધી મેં આવાં સુંદર કીર્તન સાંભળ્યા નથી.’

વ્રજવાસી કહે : ‘એ કુંભનદાસજી છે. પોતાના ખેતરમાં અનાજ પાકે તેમાંથી નિર્વાહ કરે છે અને શ્રીજીબાવાની કીર્તનસેવા કરે છે. એકવાર અકબર બાદશાહે તેમને બોલાવ્યા હતા પણ તેમણે કંઈ પણ લીધું ન હતું. એવા એ ત્યાગી મહાપુરુષ છે.’

રાજા માનસિંહને કુંભનદાસજીને મળવાનું મન થયું. રાત પડી ગઈ હતી તેથી તેમણે વિચાર્યું કે આવતી કાલે સવારે તેમને મળવા તેમને ખેતરે જઈશ.

આસન અને આરસી

સવારનો સમય છે. કુંભનદાસજી સ્નાન કરીને પરાસોલીમાં પોતાના ખેતરમાં બેઠા છે. એટલામાં શ્રીજીબાવા ત્યાં પધાર્યા. દોડતા આવીને કુંભનદાસજીની ગોદમાં બિરાજી ગયા.

‘કુંભના, મૈં આજ તોસોં એક બાત કહન આયો હૂँ’ પણ શ્રીજીબાવા વાત કહેવાની શરૂ કરે તે પહેલાં તેમણે એક અજાણ્યા માણસને ખેતરમાં આવતો જોયો. તરત જ કુંભનદાસજીના ખોળામાંથી ઊભા થઈ ગયા. એક વૃક્ષની પાછળ સંતાઈ ગયા.

આવનાર વ્યક્તિ રાજા માનસિંહ હતા. તેઓ શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતાં કરતાં પરાસોલી આવ્યા હતા. કુંભનદાસજીને મળવા



કુંભનદાસજીની ગોદમાં બિરાજેલા શ્રીજીબાવા

તેમના ખેતરમાં આવ્યા. આવીને કુંભનદાસજીને પ્રણામ કર્યા, પણ તે તરફ કુંભનદાસજીનું ધ્યાન ન હતું. તેમની નજર તો શ્રીજીબાવા સંતાયા તે વૃક્ષ તરફ જ હતી.

કુંભનદાસજીને એક ભત્રીજી હતી. તે ખેતર તરફ આવી રહી હતી. ત્યારે એક વ્રજવાસીએ તેને કહ્યું : 'રાજા માનસિંહ તારા કાકાને મળવા ખેતરે ગયા છે. તું જલદી પહોંચ. રાજા કંઈ આપે તો તું લઈ લેજે. તારા કાકા તો એને હાથ પણ નહિ લગાડે.'

ભત્રીજી ઝડપથી ખેતરે આવી. જોયું તો કુંભનદાસજી તો એક વૃક્ષની સામે જોઈ બેસી રહ્યા છે. રાજાની સામે પણ જોતા નથી.

શ્રીજીબાવાએ કુંભનદાસજીને ઈશારાથી જણાવ્યું : 'રાજા માનસિંહ જાય ત્યાં સુધી હું અહીં જ રહીશ. હું જે વાત કહેવા આવ્યો છું તે કહીને જ જઈશ. તું ચિંતા કરીશ નહિ.'

કુંભનદાસજીએ હવે ભત્રીજીને જોઈ. કહે છે : 'દીકરી, આસન અને આરસી લાવ. હું તિલક કરી દઉં.'

'બાવા, ઘાસનું આસન મૂકયું હતું તે પાડી ખાઈ ગઈ અને પડિયામાં જળ ભરીને તિલક કરવા આરસીરૂપે મૂકયું હતું તે પાણી પાડી પી ગઈ. ઊભા રહો. હું ફરીથી આસન અને આરસી લાવું છું.'

ભત્રીજી ઘાસનો બીજો પૂળો આસન માટે લઈ આવી. એક પડિયામાં પાણી ભરી લાવી. ઘાસના પૂળા ઉપર બેસી, પાણીમાં જોઈ કુંભનદાસજીએ તિલક કર્યું.

આ બધું રાજા માનસિંહે જોયું. તેમણે વિચાર્યું; આ મહાન ભક્તના ઘરમાં પૈસાની બહુ તંગી લાગે છે. આસન કે આરસી પણ નથી.

તેમણે પોતાના માણસને મોકલી પોતાની સોને મઢેલી આરસી મગાવી. કુંભનદાસજીની સામે મૂકી. 'ભક્તરાજ, રોજ તિલક કરવા માટે આ આરસીની ભેટ સ્વીકારો.'

હવે કુંભનદાસજીએ રાજા સામે જોયું. કહે છે : 'ભાઈ, અમારાં તો



ઘાસના આસન પર બેસી પાણીની આરસીમાં જોઈ તિલક કરતા કુંભનદાસજી

ઘાસનાં ઘર છે. આવી કિંમતી ચીજ અમારા ઘરમાં છે એવી ખબર પડે તો ચોર-ડાકુ અમારો જીવ લે. અમારે આની કોઈ જરૂર નથી.'

રાજા માનસિંહે એક હજાર સોનામહોરોની થેલી કુંભનદાસજીની સામે મૂકી અને તે સ્વીકારવા વિનંતી કરી.

કુંભનદાસજી કહે છે : 'આ પણ અમારે કશા કામની નથી. અમારે જરૂરી અનાજ આ ખેતરમાં ઊગે છે. અમારે બીજું કંઈ ન જોઈએ.'

'ભક્તરાજ, આપ આજ્ઞા કરો તો આ જમુનાવતા ગામ હું તમને લખી આપું.'

'ભાઈ, હું બ્રાહ્મણ નથી કે તમારું દાન લઉં. મારે કોઈ દાન ન જોઈએ.'

'ભક્તરાજ, મને તમારો મોદી બતાવો. તેને હું કહી દઈશ. તમને જે સામાન જોઈશે તે વગર પૈસે આપશે.'

'ભાઈ, અમારો મોદી પણ અમારા જેવો જ છે. ખેતરમાં કેર અને બોરડીનાં ઝાડ છે તે અમારાં મોદી છે. તે બોર અને કેરડાંનું શાક-સંધાણું બને છે. ખેતરમાં જુવાર-ચણા-મકાઈ પાકે છે તેની રોટી બને છે. એનાથી અમારું ગુજરાન ચાલે છે. બીજું શું જોઈએ?

માનસિંહ કહે છે : 'ભક્તરાજ, તમને ધન્ય છે. મેં આજ સુધી ઘણા ત્યાગી, વૈરાગી જોયા પણ તમારા જેવા ગૃહસ્થ-ત્યાગી જોયા નથી. મને તમારી કંઈક સેવા કરવાની આજ્ઞા આપો.'

'ભાઈ, હું જે કહીશ તે તમે કરશો?'

'હા, મારું પરમ ભાગ્ય માનીને કરીશ.'

'તો હવે પછી કદી મારી પાસે આવશો નહિ અને મને કોઈ વસ્તુ આપવાની વાત કરશો નહિ.'

રાજા માનસિંહે કુંભનદાસજીને દંડવત કર્યા. ઊભા થતાં કહે છે. 'માયાના ભક્ત તો ઘણા જોયા પણ શ્રીઠાકોરજીના સાચા ભક્ત એક તમને જોયા. ભક્તરાજ, તમને ધન્ય છે. ધન્ય છે.

આમ કહેતાં રાજા માનસિંહ ચાલ્યા ગયા.

છાકલીલાનો મનોરથ

'ઘરમાં કંઈ હતું નહિ ત્યારે રાજા આપતો હતો તે લેવાની તમે ના કેમ પાડી?' રાજા માનસિંહના ગયા પછી ભત્રીજીએ કુંભનદાસજીને પૂછ્યું.

'ગાંડી, આવું ન બોલાય. શ્રીગોવર્ધનનાથજી સાંભળશે તો ખિજાશે. કોઈની પાસે કંઈ પણ લેવાની વાત હવેથી કરતી નહિ.'

'કાકા, મેં તો હસવામાં કહ્યું હતું. મારે કંઈ જોઈતું નથી.'

'બેટી, કોઈની પાસેથી કંઈ પણ લેવાની વાત હસવામાં પણ ન કરવી.' કુંભનદાસજીએ ભત્રીજીને પ્રેમથી સમજાવ્યું.

આમ વાત ચાલતી હતી ત્યાં ઝાડ પાછળથી શ્રીગોવર્ધનનાથજી પધાર્યા.

કુંભનદાસજીની ગોદમાં બિરાજી કહે છે :

'કુંભનદાસ, આજે છાકલીલાનો મનોરથ છે. બધા સખાઓ પોત પોતાના ઘેરથી સુંદર સામગ્રી બનાવીને લાવવાના છે. તું શું સામગ્રી લાવીશ? આ વાત કહેવા જ હું તારી પાસે આવ્યો હતો.'

'મહારાજ, આપને કઈ સામગ્રી પ્રિય છે? આપને જે આરોગવી હોય તે કહો. હું લાવીશ.'

'કુંભનદાસ, મને તો જુવારની ઘેંશ, બેજરની રોટી, દૂધ, દહીં અને કેરનું શાક-સંધાણું સૌથી પ્રિય છે. આ બધું તું લાવીશ?'

'હા મહારાજ, આ બધું તો ઘરમાં તૈયાર જ છે.'

'તો જલદી બધું મગાવી લે; અને સામગ્રી લઈને શ્યામઘાટ ઉપર આવી જા.' શ્રીગોવર્ધનનાથજી આજ્ઞા કરીને પાછા મંદિરમાં પધાર્યા.

કુંભનદાસજીએ ભત્રીજી પાસે બધી સામગ્રી ઘેરથી મગાવી. જારના લોટની ઘેંશ અને બેજરની રોટી સિદ્ધ કરી. દૂધ, દહીં, કેરનું શાક અને સંધાણું (અથાણું) તો તૈયાર જ હતું. ટોપલામાં બધું ગોઠવી, સામગ્રીનો ટોપલો માથે મૂકી શ્યામઘાટ ગયા. ત્યાં બધા સખાઓની સામગ્રી આવી

ગઈ હતી. શ્રીજીબાવા બધાની સામગ્રી આરોગ્યા. કુંભનદાસની સામગ્રી એ બધામાં એમને ખૂબ ભાવી. બધા સખાઓને પણ આપે એ સામગ્રી ચખાડી. પોતાની સામગ્રી શ્રીજીબાવા કૃપા કરીને પ્રેમથી આરોગ્યા તેથી કુંભનદાસજી બહુ રાજી થયા. તેમણે સુંદર કીર્તન ગાયાં. કીર્તન ગાવામાં તેમને સમયનો પણ ખ્યાલ ન રહ્યો. શ્રીજીબાવા કુંભનદાસજી ઉપર આવી કૃપા કરતા.

શ્રીસ્વામિનીજીનું અલૌકિક સૌંદર્ય

વૃંદાવનમાં ઘણા સંતો, મહંતો રહેતા હતા. તેઓ જાણતા હતા કે કુંભનદાસજી સાથે શ્રીઠાકોરજી સાક્ષાત્ વાતો કરે છે. પોતાની સર્વ લીલાઓનાં દર્શન કરાવે છે અને એ દર્શન કરીને કુંભનદાસજી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી (શ્રીરાધિકાજી)નાં કીર્તન ગાય છે.

આ સંતો-મહંતોએ વિચાર કર્યો કે આપણે શ્રીસ્વામિનીજીનું વર્ણન આપણાં કીર્તનોમાં તો કર્યું છે પણ આપણે બધાં કુંભનદાસજી પાસે જઈએ અને તેમના મુખે શ્રીસ્વામિનીજીનું કીર્તન સાંભળીયે. તેમની સાથે સ્વામિનીજીના સ્વરૂપ અંગે ભગવદ્ વાર્તા કરીએ.

આવો વિચાર કરી હરિદાસ સ્વામી, હરિવંશજી વગેરે સંતો એક દિવસ કુંભનદાસજીને મળવા શ્રીગિરિરાજ આવ્યા.

‘કુંભનદાસજી, અમે આપનાં રચેલાં યુગલ સ્વરૂપનાં ઘણાં કીર્તનો સાંભળ્યાં છે પરંતુ શ્રીસ્વામિનીજીનું કોઈ કીર્તન સાંભળ્યું નથી. આપ કૃપા કરી અમને શ્રીસ્વામિનીજીનું એક કીર્તન સંભળાવો.’ બધા સંતોએ વિનંતી કરી.

કુંભનદાસજીએ શ્રીસ્વામિનીજીના સ્વરૂપનું વર્ણન કરતું એક પદ ગાયું.

કુંવરી રાધિકે તુવ સકલ સૌભાગ્ય સીમા
યા બદન પર કોટિ શત ચંદ વારિ ડારૌ ।



શ્રીસ્વામિનીજીનાં ગુણગાન ગાઈ રહેલા કુંભનદાસજી

આ પદ સાંભળીને સંતો ઘણા પ્રસન્ન થયા. તેમણે કહ્યું : 'કુંભનદાસજી તમને ધન્ય છે. અમે શ્રીસ્વામિનીજીનાં ઘણાં પદ કર્યાં છે. તેમાં ચંદ્ર વગેરેની ઘણી ઉપમાઓ આપી છે. પરંતુ તમે તો તેમના મુખારવિંદ ઉપર સો કરોડ ચંદ્રમા વારી નાખ્યા !'

કુંભનદાસજીએ કહ્યું : 'હરિદાસજી, શ્રીસ્વામિનીજીના અલૌકિક સૌંદર્ય માટે જગતમાં ઉપમા દેવા લાયક કશું નથી. માટે આ ઉપમા આપી છે.'

સૌ પ્રસન્ન થઈ, કુંભનદાસજીની વિદાય લઈ વૃંદાવન ગયા.

તમારો પરદેશ થઈ ચૂક્યો

એક વખત શ્રીગુસાંઈજીએ ગુજરાતમાં પધારવાનો વિચાર કર્યો. શ્રીનાથજીનાં સેવા શૃંગાર કરી, અનોસર કરી પોતાની બેઠકમાં આવી બિરાજ્યા. ત્યાં થોડા વૈષ્ણવો આવીને બેઠા.

'મહારાજ, કુંભનદાસજીને આજકાલ પૈસાની ઘણી તંગી રહે છે. તેમનું કુટુંબ ઘણું મોટું છે. તેમનાં પત્ની, સાત દીકરા અને સાત વહુઓ તેમજ તેમની ભત્રીજી એમ ૧૭ જણાનું કટુંબ છે. તે ઉપરાંત આવ્યા-ગયા વૈષ્ણવોનું સમાધાન પણ કરવાનું હોય. એક નાના ખેતરની આવકમાંથી નિર્વાહ કરે છે.' એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને કહ્યું.

આ સાંભળી શ્રીગુસાંઈજી મૌન રહ્યા.

એટલામાં કુંભનદાસજી ત્યાં આવ્યા. આપશ્રીએ આજ્ઞા કરી : 'કુંભનદાસજી, અમે ગુજરાતના પ્રવાસે જઈએ છીએ. ત્યાંથી ઘણા વૈષ્ણવોના વિનંતી પત્રો આવ્યા છે. તમે અમારી સાથે ચાલો.'

'ગુજરાતમાં ઘણા વૈષ્ણવોનો મેળાપ થશે. તમે અમારી સાથે હશો તો અમારો સમય સારી રીતે વ્યતીત થશે. પ્રભુના વિરહનો ક્લેશ અમને બાધા નહિ કરે. વળી મેં સાંભળ્યું છે કે તમારા ઘરમાં દ્રવ્યનો ઘણો સંકોચ છે, તે કાર્ય પણ સિદ્ધ થશે.'

'ભલે કૃપાનાથ, આપની આજ્ઞા છે તો હું આવીશ. આપ સ્વામી છો. હું સેવક છું. આપની આજ્ઞા એ જ મારું કર્તવ્ય.' કુંભનદાસજી દંડવત કરી ઘરે ગયા.

બીજા દિવસે રાજભોગનાં દર્શન કરી નીકળવાનું નક્કી થયું. કુંભનદાસજીએ રાજભોગ સુધી શ્રીજીબાવા સન્મુખ કીર્તન કર્યાં.

'કુંભનદાસ, અમે હવે અપ્સરાકુંડ ઉપર જઈએ છીએ. ત્યાં તમે આવી પહોંચો' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી.

કુંભનદાસજી અપ્સરાકુંડ ઉપર જવા નીકળ્યા. હવે પ્રભુનાં દર્શન નહિ થાય તેવા વિચારથી ખૂબ દુ:ખી થયા. ઘણા દિવસો સુધી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન નહિ થાય તે ખ્યાલથી હૃદયમાં ખૂબ વિરહ થયો. મનમાં કહે છે : 'મારા પ્રાણનાથ પ્રભુથી દૂર જવાનું દુ:ખ અને વેદના મારે કોને કહેવી? મારું દુ:ખ કોણ સમજશે?'

આમ વિચાર કરતાં અપ્સરાકુંડ ઉપર આવીને બેઠા. વિરહ વધતો ગયો. આંખમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી. ઉત્થાપનનો સમય થયો. શ્રીનાથજીના દર્શનની યાદે શરીર રોમાંચ અનુભવવા લાગ્યું. શ્રીગુસાંઈજીના તંબુની પાસે એક વૃક્ષ નીચે ઊભા રહીને ડૂસકાં ભરતાં ભરતાં તેમણે ગાવા માંડ્યું.

કેતે દિન વ્હૈ જુ ગયે બિનુ દેખેં ।
તરુન કિશોર રસિક નંદનંદન કછુક ઉઠત મુખ રેખેં ॥૧॥
વહ શોભા વહ કાંતિ વદનકી કોટિક ચંદ બિસેખેં ।
વહ ચિતવનિ વહ હાસ્ય મનોહર વહ નટવર વપુ ભેખેં ॥૨॥
શ્યામસુંદર મિલિ સંગ ખેલનકી આવત જીય અપેખેં ।
કુંભનદાસ લાલ ગિરિધર બિનુ જીવન જન્મ અલેખેં ॥૩॥

હે પ્રભુ, આપનાં દર્શન વગર કેટલા દિવસો વીતી ગયા છે!'

શ્રીગુસાંઈજી તંબુની અંદર બિરાજતા હતા. આપશ્રીએ કુંભનદાસજીનું આખું પદ સાંભળ્યું.



શ્રીગુસાંઈજી કુંભનદાસજીને કહે છે : તારો પરદેશ થઈ ગયો.

આપશ્રીએ વિચાર કર્યો : કુંભનદાસજીએ રાજભોગનાં દર્શન કર્યાં છે. હજુ ઉત્થાપનનાં દર્શન તો થયાં નથી. અને છતાં એમને આટલો બધો વિરહ થાય છે તો એ ગુજરાતમાં ઘણા દિવસો સુધી પ્રભુનાં દર્શન વગર કેવી રીતે રહી શકશે? કુંભનદાસજીનું દુઃખ આપશ્રીથી સહન ન થયું. આપશ્રી બહાર પધાર્યા. આજ્ઞા કરી : 'કુંભનદાસ, તમારો પરદેશ પૂરો થઈ ગયો. તમારે ગુજરાત આવવાની જરૂર નથી. તમે મંદિરમાં જાઓ અને શ્રીનાથજીનાં દર્શન કરો. તમે તેમનાં દર્શન વગર રહી નહિ શકો તે જ પ્રમાણે શ્રીઠાકોરજી પણ તમારા વગર નહિ રહી શકે. તમે કીર્તન કરી પ્રભુને પ્રસન્ન કરો.'

આવી આજ્ઞા સાંભળતાં જ કુંભનદાસજીનું બધું દુઃખ દૂર થઈ ગયું. ખૂબ રાજી થયા. શ્રીગુસાંઈજીને દંડવત કરી ત્યાંથી દોટ મૂકી. સીધા મંદિરે પહોંચ્યા. ઉત્થાપનનો સમય હતો. દ્વાર ખૂલ્યાં અને તેમણે શ્રીનાથજીનાં દર્શન કર્યાં.

શ્રીજીબાવાએ આજ્ઞા કરી : 'કુંભનદાસ, હું હવે તને કાયમ મારી પાસે જ રાખીશ. જેમ તું મારા વગર રહી નથી શકતો તેમ હું પણ તારા વિના રહી નથી શકતો.'

કુંભનદાસજીએ બે હાથ જોડી વિનંતી કરી : 'મહારાજ, મારી પણ આ જ અભિલાષા છે કે મને કદી તમારો વિયોગ ન થાય.'

આમ શ્રીનાથજી અને કુંભનદાસજીને પરસ્પર એટલો પ્રેમભાવ હતો કે એકબીજા વગર રહી શકતા ન હતા.

દોઢ દીકરા

એક વખત કુંભનદાસજી શ્રીગુસાંઈજીની પાસે બેઠા હતા. બીજા પણ ઘણા વૈષ્ણવો ત્યાં બેઠા હતા. વાતવાતમાં શ્રીગુસાંઈજીએ કુંભનદાસજીને પૂછ્યું : 'કુંભનદાસ, તમારે દીકરા કેટલા છે?'



"મહારાજ, મારે દોઢ દીકરા છે." - કુંભનદાસજી

'મહારાજ, મારે દોઢ દીકરા છે.'

'અમે તો સાંભળ્યું છે કે તમારે સાત દીકરા છે. તમે દોઢ દીકરા કેમ કહો છો?'

'કૃપાનાથ, સાત દીકરા તો છે પણ એમાંથી પાંચ દીકરા લૌકિક બુદ્ધિવાળા છે. શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ કાંઈ કરતા નથી એટલે એમને હું મારા દીકરા ગણતો નથી. બાકી બે દીકરા રહ્યા. તેમાંથી ચતુર્ભુજદાસ પૂરો દીકરો છે કારણ તે પ્રભુની સેવા અને સ્મરણ બંને કરે છે. જ્યારે કૃષ્ણદાસ અડધો દીકરો છે. તે શ્રીનાથજીની ગાયોની સેવા કરે છે પરંતુ પ્રભુનું સ્મરણ કરતો નથી. તેને પ્રભુની લીલાનો અનુભવ નથી.'

કુંભનદાસજીના આ જવાબથી શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને કહ્યું : 'તમારી વાત સાચી છે. દીકરો ભગવદીય હોય તો જ તે સાચો પુત્ર. બાકી દીકરા ગમે તેટલા હોય તોય શા કામના?'

ગાયોની સેવા

કુંભનદાસજીના પુત્ર કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોની સેવા કરતા. ગૌશાળાની સફાઈ કરે. ગાયોને ચરાવવા વનમાં લઈ જાય.

એક દિવસ સાંજે ગાયો ચરાવીને પાછા ફરતા હતા. બધી ગાયો તો આગળ દોડીને ગૌશાળામાં પહોંચી ગઈ હતી પરંતુ એક ભારે શરીરવાળી ગાય ધીરે ધીરે ચાલતી હતી. તેની પાછળ પાછળ કૃષ્ણદાસ આવતા હતા. પૂંછરી પાસે આવ્યા. ત્યાં જ શ્રીગિરિરાજજીની ગુફામાંથી એક વાઘ આવ્યો. તેણે ગાય ઉપર તરાપ મારી. કૃષ્ણદાસ દોડીને ગાય અને વાઘની વચ્ચે ઊભા રહી ગયા. વાઘને કહે છે : અરે અધર્મી, તું જાણે છે આ શ્રીનાથજીની ગાય છે? તું ભૂખ્યો હોય તો મને ખાઈ જા.'

ગાય તો ડરીને ગૌશાળામાં ભાગી ગઈ પણ વાઘે કૃષ્ણદાસને ફાડી ખાધા.'

ગૌશાળામાં ગોપીનાથ વગેરે ગ્વાલ હતા. તેમણે ગાયોને દોહવા માંડી.



બેહોશ કુંભનદાસજીની પાસે પધારેલા શ્રીગુસાંઈજી

દોહતાં દોહતાં તેમની નજર પેલી ભારે શરીરવાળી ગાય ઉપર પડી. જોયું તો શ્રીગોવર્ધનનાથજી પોતે એ ગાયને દોહી રહ્યા છે અને કૃષ્ણદાસ એ ગાયનું વાછરડું પકડીને ઊભા છે. પાસે કુંભનદાસજી પણ ઊભા છે. ગાય વાછરડાને ચાટી રહી છે.

આવાં દર્શન કુંભનદાસજીને પણ થયાં. તેઓ ગૌશાળામાંથી નીકળી મંદિર તરફ જતા હતા ત્યાં તેમને કોઈએ સમાચાર આપ્યા કે કૃષ્ણદાસને વાઘે માર્યા છે.

આ સમાચાર સાંભળતાં જ કુંભનદાસજી બેહોશ થઈ ગયા. આ વાત શ્રીગુસાંઈજીએ જાણી. આપશ્રીએ સૌને આજ્ઞા કરી : 'હું શ્રીનાથજીની સેવા પહોંચીને ત્યાં આવું છું. કોઈ ચિંતા કરશો નહિ.'

થોડીવારમાં શ્રીગુસાંઈજી કુંભનદાસજીની પાસે પધાર્યા. જોયું તો તેઓ બેહોશ બનીને પડ્યા છે. એક વૈષ્ણવે કહ્યું : 'મહારાજ, કુંભનદાસજી મહાન ભગવદીય છે. પણ પુત્રનો શોક બહુ મોટો હોય છે. ભગવદીય પણ એમાંથી બચી શકતા નથી.'

'વૈષ્ણવ, કુંભનદાસજીને પુત્રનો શોક નથી. તેમને દુઃખ એક જ વાતનું છે કે હવે સૂતકમાં તેમને શ્રીજીબાવાનાં દર્શન નહિ થાય. જુઓ, હમણાં જ તમારી શંકા દૂર થઈ જશે.'

શ્રીગુસાંઈજીએ મોટેથી કહ્યું : 'કુંભનદાસ, તમે કાલે ગ્વાલ સમયે મંદિરે આવજો. તમને શ્રીનાથજીનાં દર્શન કરાવીશ.'

શ્રીગુસાંઈજીના આ વચનો સાંભળતાં જ કુંભનદાસજી સ્વસ્થ થયા. તેમણે શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યા. વિનંતી કરી : 'મહારાજ, આપે મારા મનની વાત જાણી.'

'કુંભનદાસ, અમને ખબર છે. તમને લૌકિક દુઃખ કદી પીડા ન કરે. જો કોઈ વૈષ્ણવ તમારો સંગ એક ક્ષણ પણ કરે તો એને પણ લૌકિક દુઃખ ન લાગે તો તમને તો લાગે જ કેમ? જાઓ, કૃષ્ણદાસના શરીરને અગ્નિસંસ્કાર કરાવો. સવારે ગ્વાલ સમયે દર્શન કરવા આવજો.'

શ્રીગુસાંઈજી પોતાની બેઠકમાં પધાર્યા. એટલામાં ગોપીનાથગ્વાલ ત્યાં આવ્યા. ગૌશાળામાં તેમણે કૃષ્ણદાસનાં દર્શન કર્યાં હતા તે સર્વ હકીકત જણાવી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'ગોપીનાથદાસ, આ કૃષ્ણદાસ ભગવદીય હતા. શ્રીનાથજીની ગાયને બચાવવા પોતાના પ્રાણ પણ ધરી દીધા. શ્રીજીબાવા તેમના ઉપર ઘણા પ્રસન્ન થયા છે. કૃષ્ણદાસ પ્રભુની નિત્યલીલામાં પહોંચ્યા છે. તમારા ઉપર કૃપા કરીને પ્રભુએ તમને આ દર્શન આપ્યાં છે. બાકી બીજાને તો લીલાનાં આવાં દર્શન દુર્લભ છે.'

આ સાંભળીને ત્યાં હાજર રહેલા બધા વ્રજવાસી ખૂબ રાજી થયા. તેમણે વિચાર્યું : સેવાનું ફળ કેવું મોટું મળે છે!'

બીજા દિવસે કુંભનદાસજી મંદિરમાં આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ સૌ પ્રથમ તેમને શ્રીજીબાવાનાં દર્શન કરાવ્યાં. પછી બીજા બધા વૈષ્ણવોને દર્શન કરાવ્યાં. આ રીતે શ્રીગુસાંઈજીએ કુંભનદાસજી ઉપર ઘણી કૃપા કરી.

તે દિવસથી સૂતકીને શ્રીપ્રભુનાં દર્શન કરાવવાની રીત શરૂ થઈ. કુંભનદાસજીની કૃપાથી આજે પણ સૂતકીને દર્શન થાય છે.

કુંભનદાસજી દૂરથી દર્શન કરીને પરાસોલી આવતા અને વિરહના પદો ગાઈને સમય વ્યતીત કરતા. આ રીતે તેમણે સૂતકના દિવસો પસાર કર્યા. શુદ્ધ થયા પછી નિત્યના નિયમ પ્રમાણે કીર્તન સેવા કરવા લાગ્યા.

કુંભનદાસજી ગોકુલ તરફ

કુંભનદાસજી હંમેશા શ્રીજીબાવાની કીર્તન સેવા કરતા. શ્રીનાથજીનાં દર્શન-સેવા છોડીને ક્યાંય ન જતા. શ્રીમદ્ ગોકુળમાં શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરવા પણ કદી નહિ ગયેલા.

એકવાર શ્રીગુસાંઈજીના તૃતીયકુમાર શ્રીબાલકૃષ્ણલાલજી અને ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીએ વિચાર કર્યો કે એકવાર આપણે આ કુંભનદાસજીને ગોકુળ લઈ જઈએ.



કુંભનદાસજીને ગોકુલ તરફ લઈ જઈ રહેલા બે બાળકો

શ્રીગુસાંઈજીએ તેમને ના પાડી. કહ્યું : શ્રીનાથજીબાવા કુંભનદાસની સાથે હળેલા છે. તેમના વગર એક દિવસ પણ રહી શકશે નહિ. કુંભનદાસજી પણ શ્રીનાથજીની લીલાના ચિંતનમાં રાત દિવસ મગ્ન રહે છે. તેથી તેઓ પણ ગોકુળ આવશે નહિ. તમે આવો આગ્રહ છોડી દો.

છતાં બંને બાળકો કુંભનદાસજી પાસે પહોંચી ગયા. કહે છે : 'બાવા, આજે વૈશાખ સુદ એકાદશીની અજવાળી રાત છે. તમારા જેવા ભગવદીયનો સંગ અમારે કરવો છે. અમારી સાથે તમે આવશો?'

કુંભનદાસજી શયન આરતી થયા પછી બંનેની સાથે ચાલવા માંડ્યા. વચ્ચે કુંભનદાસજી છે. આજુબાજુ બે બાળકો છે. કુંભનદાસજી શ્રીઠાકોરજીની અવનવી લીલાઓની વાતો તેમને કહી રહ્યા છે. એ લીલાઓના ચિંતનમાં એવા મગ્ન થઈ ગયા કે તેઓ ક્યાં જઈ રહ્યા છે તેનું પણ તેમને ભાન રહ્યું નહિ. શ્રીગોકુલનાથજીએ પ્રશ્ન પૂછ્યો : 'કુંભનદાસ, રોજ જેમ શ્રીસ્વામિનીજી શ્રીનાથજીનાં શૃંગાર કરે છે તેમ કોઈ દિવસ શ્રીસ્વામિનીજીનાં શૃંગાર શ્રીનાથજી કરે છે?

'હા, એક દિવસ શ્રીસ્વામિનીજીનાં શૃંગાર શ્રીજીબાવાએ કરેલા.' શ્રીજીબાવાએ ક્યારે અને કેવી રીતે શૃંગાર કરેલા તે પ્રસંગ કહેતાં કહેતાં કુંભનદાસજી શ્રીયમુનાજીના કિનારે આવી પહોંચ્યા. સવાર થવા આવ્યું હતું. ગોકુળથી શ્રીગુસાંઈજી નાવમાં બિરાજી ત્યાં પધાર્યા. કુંભનદાસજી હવે સાવધાન થયા.

જુએ છે તો સવાર પડી ગયું છે. પોતે શ્રીયમુનાજીના કિનારે ઊભા છે. વિચાર કરે છે : હું અહીં છું તો શ્રીનાથજીનાં કીર્તન કોણ કરશે? મારી સેવા આજે છૂટી જશે?'

આ વિચાર આવતાં જ શ્રીગોકુલનાથજીનો હાથ છોડાવી શ્રીગિરિરાજજીની દિશામાં દોડવા લાગ્યા. પાછળ બધા દોડ્યા પણ કોઈ તેમને પકડી શક્યું નહિ.

શ્રીગોકુલનાથજીએ કહ્યું : અમે કુંભનદાસજીને ગોકુલ લઈ આવતા હતા. ભલે તેઓ ગોકુલ ન આવ્યા પણ અમને આખી રાત તેમની ભગવદ્ વાર્તા સાંભળવાનો મોટો લાભ મળ્યો. આવા ભગવદીયનો એક ક્ષણનો સત્સંગ પણ દુર્લભ હોય છે.

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમને સત્સંગ થયો એ વાત તો સાચી છે પણ તમારે કારણે કુંભનદાસજીને આજે દોડવું પડશે; અને વળી જ્યાં સુધી તેઓ ગિરિરાજજી ઉપર જઈને કીર્તન નહિ કરે ત્યાં સુધી શ્રીનાથજી જાગશે નહિ. તેઓ તો ભક્તને આધીન છે. તમારે જ્યારે એમની પાસે ભગવદ્ વાર્તા સાંભળવી હોય ત્યારે જમુનાવતા જજો. ત્યાં તેમને બધું પૂછજો પણ તેમને અહીં સુધી આવવાનો શ્રમ કરાવશો નહિ.'

આવી આજ્ઞા કરી આપશ્રી ઘોડા ઉપર સવાર થઈ કુંભનદાસજીની પાછળ ગયા. રસ્તામાં તેમને પકડી પાડ્યા. આજ્ઞા કરી : 'કુંભનદાસ, તમે આ રસ્તો કદી જોયો નથી, માટે ભૂલા પડી જશો. એમ કરો મારી પાછળ પાછળ ચાલ્યા આવો.'

બીજી બાજુ શ્રીગિરિરાજજી ઉપર રામદાસજી વગેરે સેવકો અપરસમાં સ્નાન કરી પર્વત ઉપર આવે ત્યાં રસ્તામાં એવું બને કે એમને કોઈને અડકાઈ જવાય અને ફરી સ્નાન કરવું પડે. આવું ચાર વખત બન્યું. બધાં પાંચમી વાર સ્નાન કરીને આવ્યા ત્યાં શ્રીગુસાંઈજી પધાર્યા. જોયું તો હજી શ્રીગોવર્ધનધર પ્રભુ જાગ્યા નથી. સૌને પૂછે છે : 'આજે આટલો વિલંબ કેમ થયો છે?'

'મહારાજ, કંઈ સમજાતું નથી આજે આવું કેમ બને છે?'

'કુંભનદાસજી માટે જ શ્રીનાથજીએ આ કૌતુક કર્યું લાગે છે.' આમ વિચારી શ્રીગુસાંઈજીએ પ્રભુને જગાવવા માટે શંખનાદ કરાવ્યો.

કુંભનદાસજી આવી ગયા હતા. તેમણે પ્રભુને જગાવવાનાં કીર્તન ગાયાં. કીર્તન સાંભળી શ્રીજીબાવા જાગ્યા. કુંભનદાસજી મનમાં ખૂબ રાજી થયા કે આજે મોડું થયું તો પણ પોતાને કીર્તનની સેવા મળી.

આમ કુંભનદાસજી કદી ગોકુળ ન ગયા. શ્રીનાથજીની સેવામાં અને તેમની લીલાઓના ચિંતનમાં સદા મગ્ન રહ્યા.



શંખનાદ સાંભળી મંદિરમાં પધારતા શ્રીજીબાવા

મંદિરની સેવાનો પ્રતાપ

એક દિવસ કુંભનદાસજી પરાસોલીમાં પોતાના ખેતરમાં બેઠા હતા. શ્રીજીબાવા તેમની પાસે ખેતરમાં ખેલવા પધાર્યા હતા. બંને જણ મીઠી મીઠી વાતો કરી ખેલતા હતા.

એટલામાં ઉત્થાપનનો સમય થયો. કુંભનદાસજી ઊભા થઈ ગયા.

'ક્યાં જાય છે?' શ્રીજીબાવાએ પૂછ્યું.

'બાવા, ગિરિરાજ ઉપર ગોવર્ધનનાથજીના દર્શને જાઉં છું. ઉત્થાપનનો સમય થઈ ગયો છે.'

'હું તો અહીં તારી પાસે રમું છું. મંદિરમાં કોનાં દર્શન કરવા જાય છે?'

'બાવા, અહીં આપ પધારો છો અને દર્શન આપો છો તે તો આપની કૃપા છે. આપ ઈચ્છો ત્યારે અહીંથી ભાગી જઈ શકો છો. તેમાં મારું કંઈ ચાલે નહિ. હું આપને રોકી ન શકું; પરંતુ મંદિરમાં તો આપને શ્રીમહાપ્રભુજીએ પધરાવ્યા છે. ત્યાં આપ શ્રીમહાપ્રભુજીની કાનીથી બિરાજો છો. બધાંને દર્શન આપો છો. ત્યાંથી તમે ક્યાંય જાઓ નહિ.'

'વળી બાવા, મને આપનાં દર્શન અને સેવાનો જે લાભ મંદિરમાં મળ્યો છે તેના ફળરૂપે જ આપ મને સાક્ષાત્ દર્શન આપો છો. ઘેર બેઠાં કૃપા કરી આપની લીલાનો અનુભવ કરાવો છો. એટલે મંદિરની સેવા કરવા તો હું જઈશ.'

શ્રીજીબાવાએ હસીને આજ્ઞા કરી : 'કુંભનદાસ, તારો ભાવ મહા અલૌકિક છે. તેથી જ હું તારાથી એક ક્ષણ પણ દૂર રહેતો નથી.'

શ્રીજીબાવા પણ પરાસોલીથી કુંભનદાસજીની સાથે ચાલ્યા. બંને જણ ગોવિંદકુંડ ઉપર આવ્યા. ત્યાં શંખનાદ થયો. શ્રીજીબાવા મંદિરમાં પધાર્યા અને કુંભનદાસજી આન્યોર આવી પર્વત ઉપર ચડી મંદિરમાં ગયા. શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. શયન સુધી કીર્તન કર્યાં. આમ બંનેને પરસ્પર ખૂબ પ્રેમ હતો. એકબીજા વગર રહી શકતા નહિ.

કુંભનદાસજીએ કેરીઓ આરોગાવી

એક દિવસ એક માળી ચંદ્રસરોવર ઉપર આવ્યો. તેની પાસે મોટી મોટી સુંદર પાકેલી ૨૦૦ કેરીઓ હતી. બધી કેરીઓ ધોઈ, કપડાથી લૂછી તેણે ટોપલામાં ગોઠવવા માંડી.

એ સમયે કુંભનદાસજી ત્યાં આવ્યા. તેમણે સુંદર કેરીઓ જોઈ. તેમને થયું : 'આ કેરીઓ મારા શ્રીગોવર્ધનનાથજીને લાયક છે. માળીને પૂછ્યું : 'આ કેરીઓ ક્યાં લઈ જાય છે?'

'મથુરા વેચવા લઈ જાઉં છું. મને તેના દશ રૂપિયા મળશે.'

કુંભનદાસજી પાસે દસ રૂપિયા તો હતા નહિ. તેમણે મનોમન શ્રીનાથજીને વિનંતી કરી : 'મહારાજ, આ કેરીઓ ખૂબ સુંદર અને આપને લાયક છે. આપ ઉત્તમ વસ્તુઓ અંગીકાર કરનારા છો માટે આ કેરીઓ આરોગો.'

શ્રીનાથજીએ અલૌકિક સ્વરૂપે તે કેરીઓ અંગીકાર કરી. માળીને આ વાતની કંઈ જાણ ન થઈ.

તે મથુરા ગયો. આ કેરીઓ એક રજપૂતે દશ રૂ.માં ખરીદી. તેમાંથી ૧૦૦ કેરીઓ તેણે એક બ્રાહ્મણને આપી. બંને જણે તેમાંથી ૫૦-૫૦ કેરીઓ ઘર માટે રાખી અને બાકીની ૫૦-૫૦ કેરીઓ ત્યાં શ્રીયમુનાજીના ઘાટ ઉપર બેસી ચૂસી ગયા. પછી ત્યાં સૂઈ ગયા.

બંનેને સ્વપ્નમાં શ્રીનાથજીનાં દર્શન થયાં. સવારે જાગીને રજપૂતે બ્રાહ્મણને પૂછ્યું : 'તમને કંઈ સપનું આવ્યું?'

'હા, સ્વપ્નમાં મને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં.'

'મનેય એમનાં દર્શન થયાં. તેઓ ક્યાં બિરાજે છે?'

'અહીંથી થોડે દૂર શ્રીગોવર્ધન પર્વત છે. તેના ઉપર મંદિરમાં તેઓ બિરાજે છે.'

'બ્રહ્મદેવ, તમે મૂર્ખ જણાઓ છો. આવા ઠાકોરનાં દર્શન કર્યા પછી ય બીજે ભટકો છો. મેં તો સ્વપ્નમાં દર્શન કર્યાં ત્યારથી મને ચેન પડતું નથી.



માળીની કેરીઓ અલૌકિક સ્વરૂપે આરોગતા શ્રીજીબાવા

તમે મને શ્રીનાથજીનાં દર્શન કરાવો. મારા ભાગની બધી કેરીઓ અને ઉપરથી રૂા. પાંચ હું તમને આપીશ.' રજપૂતે કહ્યું.

બંને જણ દર્શન કરવા ચાલ્યા. સાંજે પહોંચ્યા ત્યારે શયનનાં દર્શન થતાં હતાં. શ્રીજીબાવાએ રજપૂતને એવાં સુંદર દર્શન આપ્યાં કે તેનું મન હરી લીધું. દર્શન થઈ ગયા પછી રજપૂતે પોતાનાં કપડાં, હથિયાર અને પાંચ રૂા. બ્રાહ્મણને આપ્યા. લઈને બ્રાહ્મણ પાછો મથુરા ગયો. રજપૂત તો નીચે આવીને દંડવતી શિલા પાસે ઊભો રહ્યો.

શ્રીગુસાંઈજી નીચે પધાર્યા. રજપૂતે વિનંતી કરી : 'મહારાજ, મને સેવક કરો.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : તમારાં અહોભાગ્ય છે કે તમારા ઉપર કુંભનદાસજીની કૃપા થઈ છે. તમે બેઠકમાં આવો.' બેઠકમાં પધારી આપશ્રીએ એ રજપૂતને કંઠી બાંધી અષ્ટાક્ષર મંત્રની દીક્ષા આપી. રજપૂતે પોતાની પાસે બચેલા દશ રૂપિયા ભેટ કરી દીધા.

રજપૂતે વિનંતી કરી : 'મહારાજ, મારા પૂર્વજન્મ વિશે કહો.'

'ભાઈ, તમે વ્રજમાં ગોપ હતા. નંદરાયજીની ગાયોની ચોકી કરતા હતા. એક દિવસ તમે એક સાપને માર્યો. તેના અપરાધથી તમે ઘણા જન્મ આ પૃથ્વી ઉપર લીધા. આજે કુંભનદાસજીએ મનોમન શ્રીનાથજીને અંગીકાર કરાવેલી પ્રસાદી કેરીઓ તમે ખાધી. એ ખાવાથી તમને શ્રીનાથજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં. તમારું મન શ્રીનાથજીમાં લાગી ગયું. હવે તમે અહીં જ રહેજો. શ્રીનાથજીની ગાયોનું રક્ષણ કરજો. શ્રીનાથજીનો મહાપ્રસાદ લેજો. કપડાં અને હથિયાર તમને હું આપીશ.'

એ રજપૂત ત્યાં જ રોકાઈ ગયા. શ્રીનાથજીની ગાયોની ચોકી કરવા લાગ્યા. એને બે દીકરા હતા. તેઓ પિતાને શોધતા શોધતા આવ્યા. રજપૂત વૈષ્ણવે કહ્યું : 'આપણે તો ક્ષત્રિય છીએ. યુદ્ધમાં પ્રાણ ચાલ્યા જાય તો તેની નવાઈ હોતી નથી. તમે એમ માનજો કે તમારો પિતા યુદ્ધમાં મૃત્યુ પામ્યો છે. તમે ઘેર પાછા જાઓ. મારી રાહ જોશો નહિ. હું હવે ઘેર નહિ આવું.'

પછી તે રજપૂતે જીવનભર શ્રીજીની ગાયોની સેવા કરી. આવો પ્રતાપ છે શ્રીજીના મહાપ્રસાદનો!

જલેબી ઉત્સવ

એકવાર શ્રીગુસાંઈજીનો જન્મદિવસ આવ્યો. શ્રીનાથજીએ વિચાર કર્યો કે શ્રીગુસાંઈજી મારો જન્મ દિવસ ધામધૂમથી મનાવે છે તો આ વખતે હું તેમનો જન્મદિવસ ધામધૂમથી મનાવું.

આપશ્રીએ રામદાસજીને આજ્ઞા કરી : 'રામદાસજી, આવતીકાલે માગશર વદ નોમ છે. શ્રીગુસાંઈજીનો જન્મદિવસ છે. તમે બધા મળી તે મનાવો. મને સામગ્રી આરોગાવો.

'મહારાજ, આવતી કાલે જ જન્મદિવસ છે. એક દિવસમાં શી સામગ્રી કરીએ?' રામદાસજીએ પૂછ્યું.

શ્રીનાથજીએ જલેબીની સામગ્રી કરવાની આજ્ઞા કરી.

રાજભોગ પછી રામદાસજીએ બધા વૈષ્ણવોને શ્રીજીબાવાની આજ્ઞા જણાવી. સદુ પાંડેએ કહ્યું : 'સામગ્રી માટે ઘી અને ચૂન (લોટ) મારે ત્યાંથી લઈ જજો.'

કુંભનદાસજીએ કીર્તન કરતાં કરતાં શ્રીનાથજીની આજ્ઞા સાંભળી હતી. તેઓ ઘેર ગયા. ઘરમાં તો એક રૂપિયો પણ ન હતો. તેમણે બે પાડા અને બે પાડી વેચી દીધાં. તેના પાંચ રૂા. આવ્યા. જઈને રામદાસજીને આપ્યા. બીજા સેવકોએ પણ યથાશક્તિ રૂપિયા આપ્યા. કુલ એકવીસ રૂપિયા આવ્યા. તેની ખાંડ મગાવી. સદુ પાંડેને ત્યાંથી ઘી અને મેંદો આવ્યા. આખી રાત જાગીને જલેબીની સામગ્રી સિદ્ધ કરી.

સવારે રામદાસજીએ શ્રીજીબાવાને અભ્યંગ સ્નાન કરાવી કેસરી વસ્ત્ર ધર્યાં અને કેસરી કુલ્હેનો શૃંગાર કર્યો. પછી ભોગ ધર્યા. કુંભનદાસજીએ કીર્તન કર્યાં.



ભોગમાં જલેબીના ટોપલા જોઈ પૂચ્છા કરતા શ્રીગુસાંઈજી

થોડીવારમાં શ્રીગુસાંઈજી ગોકુલમાં શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ ધરાવી ગિરિરાજજી ઉપર પધાર્યા. સ્નાન કરીને સેવામાં પધાર્યા. ભોગ સરાવતાં આપે જોયું કે અનેક ટોપલા ભરીને જલેબી આજે ભોગમાં ધરેલી છે.

'રામદાસજી, આજે શાનો ઉત્સવ છે?' આપશ્રીએ પૂછ્યું.

'મહારાજ, શ્રીનાથજીએ આજે આપનો જન્મદિવસ મનાવ્યો છે. આપશ્રીની આજ્ઞા પ્રમાણે આ સામગ્રી સિદ્ધ થઈ છે.' રામદાસજીએ આ સામગ્રી કેમ અને કેવી રીતે થઈ તેની સર્વ હકીકત જણાવી.

'કુંભનદાસજી, તમારા ઘરની સ્થિતિ હું જાણું છું. તમે પાંચ રૂપિયા ક્યાંથી લાવ્યા?' શ્રીગુસાંઈજીએ કુંભનદાસજીને પૂછ્યું.

'મહારાજ, ઘર મારું ક્યાં છે? મારું ઘર તો આપના ચરણારવિંદમાં છે. બે પાડા-પાડી વધારાનાં હતાં તે વેચી દીધાં. અમે તો સંસારી ગૃહસ્થ છીએ. અમારાથી વૈષ્ણવ ધર્મ કેવી રીતે બને?

કુંભનદાસજીનાં આવાં દીનતાયુક્ત વચનો સાંભળી શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું. આપશ્રીએ કુંભનદાસજીનાં વખાણ કરતાં કહ્યું : 'શ્રીમહાપ્રભુજીની કૃપાથી કુંભનદાસજીને આવી દીનતા પ્રાપ્ત થઈ છે. તેથી જ શ્રીગોવર્ધનનાથજી સદા એમને વશ રહે છે.'

પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત

એકવાર શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજજીની તળેટીમાં પોઢ્યા હતા. કુંભનદાસજી આપશ્રીની ચરણસેવા કરી રહ્યા હતા.

કુંભનદાસજીએ વિનંતી કરી : કૃપાનાથ, આપ આજ્ઞા આપો તો પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પૂછું.'

આપશ્રીએ પ્રસન્નતાથી હા પાડી. કૃપા કરીને ભક્તનાં લક્ષણો, સવારથી સાંજ સુધીનો સેવાપ્રકાર, ચોર્યાશી અપરાધ વગેરે વિશે સમજાવ્યું. બાળલીલા અને કિશોરલીલા વિશે સમજાવ્યું.

પછી આજ્ઞા કરી : 'જેના ઉપર શ્રીનાથજીની કૃપા થશે તે જ આ સમયમાં સિદ્ધાંત પૂછશે અને સાંભળીને તે પ્રમાણે આચરણ કરશે. તમારા જેવા

ભગવદીયો જ પૂછશે અને કરશે. આગળ ઉપર સમય એવો ખરાબ આવશે કે કોઈ પૂછનારું પણ નહિ હોય અને કોઈ કહેનારું પણ નહિ હોય.

જેમ સિંહણનું દૂધ સોનાના વાસણમાં જ રહે તેમ ભગવદ્ ભાવ ભગવદીયના હૃદયમાં જ રહે છે.

કુંભનદાસજીનો અંતસમય

કુંભનદાસજીએ લગભગ ૧૧૫ વર્ષની ઉંમર સુધી શ્રીનાથજીની કીર્તન સેવા કરી હતી તેમ મનાય છે. તેમનો દેહ ખૂબ અશક્ત થયો ત્યારે એક દિવસ આન્યોર પાસે આવેલા સંકર્ષણ કુંડ ઉપર જઈને તેઓ બેઠા. તેમના પુત્ર ચતુર્ભુજદાસ ત્યાં આવ્યા. કહે છે : 'પિતાજી, આજ્ઞા આપો તો તમને ઊંચકીને આપણા ઘેર લઈ જાઉં.'

કુંભનદાસજી કહે : 'હવે હું અહીં જ રહીશ. બેચાર ઘડીમાં મારો દેહ છૂટશે તેમ લાગે છે.'

ચતુર્ભુજદાસજી રાજભોગનાં દર્શન કરવા ગયા ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને કુંભનદાસજીના સમાચાર પૂછ્યા. ચતુર્ભુજદાસજીએ બધી વાત કરી.

શ્રીગુસાંઈજી રાજભોગ પછી કુંભનદાસજી પાસે પધાર્યા. આપશ્રીએ પૂછ્યું: 'કુંભનદાસ, તમારું મન અત્યારે કઈ લીલામાં છે?'

કુંભનદાસ શ્રીગુસાંઈજીને પધારેલા જાણી ઊઠવા ગયા પણ તેમનાથી ઊઠાયું નહિ. મનથી આપશ્રીને દંડવત્ કરી પ્રભુની લીલાનું ચિંતન કરતાં પદ ગાયાં.

પદ ગાતાં ગાતાં દેહ છોડી દીધો. પ્રભુની નિકુંજલીલામાં પ્રાપ્ત થયા. ચતુર્ભુજદાસ વગેરેને તેમના અગ્નિસંસ્કાર કરવાનું કહી શ્રીગુસાંઈજી ગોપાલપુર પધાર્યા. શ્રીજીબાવાની ઉત્થાપનથી શયન સુધીની સેવા પહોંચ્યા. પરંતુ આખો દિવસ ખૂબ ઉદાસ રહ્યા. કોઈની સાથે બોલ્યા નહિ.

રામદાસજીએ પૂછ્યું : 'મહારાજ, આજે આમ કેમ?'

'કુંભનદાસ જેવા ભગવદીય ભૂમિ ઉપરથી ચાલ્યા ગયા. હવે આવા ભક્તો જોવા મળશે નહિ.' આમ કહી આપશ્રીએ કુંભનદાસજીનાં ઘણાં વખાણ કર્યાં.

આવા પરમ ભગવદીય અને શ્રીજીબાવાના કૃપાપાત્ર હતા શ્રીકુંભનદાસજી.

◆